# ક્રેડીટ કાર્ડ

-રતીલાલ બોરીસાગર

એક દીવસ ડોરબેલ વાગી. મેં મંગલ મંદીર ખોલ્યું ને જોયું તો 'દ્વાર ઉભો શીશુ ભોળો.' જો કે શીશુ તો ન કહેવાય, અઢાર-વીસ વરસનો યુવાન હતો; પણ એનો ચહેરો શીશુ જેવો માસુમ હતો. મેં એને આવકાર્યો, બેસાડ્યો, પાણી આપ્યું અને પછી આવવાનું પ્રયોજન પુછ્યું. યુવાને એક રાષ્ટ્રીયકૃત બેન્કનું નામ આપી મને પુછ્યું, "અંકલ ! આ બેન્કમાં તમારું પી. પી. એફ. એકાઉન્ટ છે ?"

"હા," મેં કહ્યું.

"એમાં લાખ રુપીયાનું બેલેન્સ છે ?"

"હા," મેં કહ્યું. મેં 'હા' કહી - એમાં સત્ય જરુર હતું, પણ હરીશ્ચંદ્રનું સત્ય નહોતું; યુધીષ્ઠીરનું સત્ય હતું. ઈન્કમટેક્સમાં રાહત મળે એ હેતુથી એક મીત્ર પાસેથી દર વર્ષે પંદર-વીસ હજાર રુપીયા લઈ, પી.પી.એફ.ના મારા નામના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. મુદત પુરી થયે આ પુરેપુરી રકમ મીત્રને આપી દેવાની હતી - વ્યાજ સહીત. મેં તો કેવળ સાક્ષીભાવે રકમ જમા કરાવી હતી ને મુદત પુરી થયે સાક્ષીભાવે પૈસા લેવાના હતા. 'બેફામ'ના, મરણ વીશેના પેલા શેર - 'અવસર મારો હતો ને મારી હાજરી નહોતી' - ની જેમ પૈસા મારે નામે હતા; પણ મારી માલીકીના નહોતા.

"બેન્ક તરફથી તમને 'ક્રેડીટ કાર્ડ' મળી શકે તેમ છે." યુવાને કહ્યું.

"ક્રેડીટ કાર્ડની ફી કેટલી?"

"મફત, તદ્દન મફત ! એક વરસ સુધી,"

"વરસ પછી?

"વરસ પછી તમારી ઈચ્છા હોય તો નક્કી કરેલી ફી ભરી, કાર્ડ ચાલુ રાખી શકો છો. ઈચ્છા ન હોય તો બંધ કરી શકો છો; પણ વરસ સુધી તો કશી ફી નહીં. સાવ ફ્રી."

"તમારી અને તમારી બેન્કની મારા માટેની લાગણી બદલ હું આભારી છું; પણ મારે ક્રેડીટ કાર્ડની જરુર નથી."

"પણ અંકલ, કાર્ડ તદ્દન મફ્ત મળે છે ! કાર્ડ પર તમને તાત્કાલીક ત્રીસ હજારની લોન મળી શકશે. એ. ટી. એમ.ની પણ સગવડ છે." આ એ. ટી. એમ. એટલે શું એ હું સમજી શક્યો નહીં; પણ આપણા જ્ઞાનનું પ્રદર્શન કરવાનો આપણામાં જેટલો અને જેવો ઉત્સાહ હોય છે, તેટલો અને તેવો અજ્ઞાનનો એકરાર કરવાનો નથી હોતો. એટલે એ. ટી. એમ. એ ત્રણ અક્ષરો દ્વારા શું સુચવાય છે એ મેં પુછ્યું નહીં.

"તમારી વાત બરાબર છે." મેં કહ્યું, "ક્રેડીટ કાર્ડના ઘણા લાભ હશે; પણ હવે મારે એનો ખપ નથી. નોકરીમાંથી નીવૃત્ત થયો તેની સાથે લોન લેવામાંથી પણ નીવૃત્ત થઈ ગયો છું."

"બટ અંકલ, યુ નો, આમાં કાર્ડની સાથે આઠ લાખ રુપીયાનો વીમો પણ બેન્ક ઉતરાવશે અને એનું પ્રીમીયમ પણ બેન્ક ભરશે. ધારો કે કાલે કંઈ થઈ જાય તો કશું ન મળે; પણ ક્રેડીટ કાર્ડ મળ્યા પછી, ધારો કે અંકલ, તમે સડનલી ઑફ થઈ જાવ તો આઠ લાખ રુપીયા મળે !"

"સ્વર્ગમાં ?"

"ના, અહીં જ, તમારા ઘરના સભ્યોને આઠ લાખ રુપીયા મળે." કોઈ સંત મહાત્માની જેમ આ યુવાન મને જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ આપી રહ્યો હતો અને આ ક્ષણભંગુરતાનો પૉઝીટીવ ઉપયોગ કરવા સમજાવી રહ્યો હતો. આમ છતાં, કાર્ડ લેવાનો મારો ઉત્સાહ વધ્યો નહીં. પરંતુ અત્યાર સુધી યુવાન સાથેનો મારો સંવાદ તટસ્થપણે સાંભળી રહેલા મારા ઘરના સભ્યો આઠ લાખ રુપીયાના વીમાની વાત સાંભળી, એકદમ ઉત્સાહમાં આવી ગયા. "કાર્ડ મફ્ત મળે છે તો લઈ લો ને !" એવો

અભીપ્રાય સર્વાનુમતે વ્યક્ત થયો. મને થયું : ‘જીવતાં તો આ લોકોને કશા કામમાં ન આવ્યો; પણ મરીને કામમાં આવી શકાતું હોય તો પણ કશું ખોટું નહીં.’ એમ વીચારી મેં કાર્ડ માટે સંમતી આપી. “થેન્ક્યુ અંકલ ! આવતી કાલે મારા એક સાહેબ આવશે અને ફૉર્મ ભરાવી જશે” કહી, યુવાન વીદાય થયો.

◆◆◆

આમ જુઓ તો, મારું આજ સુધીનું જીવન ક્રેડીટ પર સઘળી જીવનજરુરીયાતો લેવામાં જ વીત્યું છે. જ્યાં જ્યાં નોકરી કરી છે, ત્યાં ત્યાં જે જે લોનો ઉપલબ્ધ હતી, તે તે લોનો મેં હંમેશાં લીધી છે. એક લોન ભરવા બીજી લોન અને બીજી ભરવા ત્રીજી લોન - એમ લોનની શૃંખલા મારા જીવનમાં રચાતી રહી છે. મારા પગારપત્રકમાં લોન અંગેનાં જેટલાં ખાનાં હોય તે સઘળાં હંમેશાં ભરાયેલાં રહેતાં. નીવૃત્ત થયો ત્યારે મારા છેલ્લા પગારમાંથી ઑફીસમાંથી લીધેલી મકાનની લોનની રકમ એડજસ્ટ કરવામાં આવી હતી. પગારની રકમ ઉપરાંત થોડી રકમ ગાંઠની(અલબત્ત, ઉછીની લઈને) ઉમેરીને મેં ઑફીસની મકાનની લોન સરભર કરાવી હતી. ઑફીસની ક્રેડીટ કો-ઑપરેટીવ સોસાયટીમાંથી વધુમાં વધુ લોન લેવાનો રેકર્ડ મારે નામે નોંધાયો છે. આ રેકર્ડ, મારી નીવૃત્તી પછી પણ, હજુ અકબંધ છે. જીવનજરુરીયાતની બધી જ ચીજવસ્તુઓ આજીવન ઉધાર લીધી છે. સ્કુટર, રેડીયો, ટેલીવીઝન, ફર્નીચર, પુસ્તકો, પુસ્તકો રાખવા માટેના કબાટનું લાકડું, પેન્ટ-શર્ટ માટેનું મોંઘું કાપડ - બધાં જ ક્રેડીટ ઉપર. જીવનની સૌથી મહત્ત્વની બે બાબતો પણ ક્રેડીટ પર લીધેલા પૈસાથી જ સીદ્ધ કરી હતી. ઘર બંધાયું(લગ્નના અર્થમાં) તે પણ ક્રેડીટ પર લીધેલા પૈસામાંથી અને ઘર(મકાન)બંધાવ્યું તે પણ મીત્રોના પૈસામાંથી ને પછી ઑફીસની લોનમાંથી. મીત્રોની અને ઑફીસની લોનમાંથી બનેલો મારો ફ્લૅટ જે સોસાયટીમાં આવેલો છે તે ૯૬ ફ્લૅટની આખી સોસાયટી મારા નામની છે - **‘રતીલાલ પાર્ક’**. ચમત્કારો આજેયે બને છે !

ઉપરની યાદી હજી લંબાવી શકાય તેમ છે; પણ સેમ્પલ માટે આટલું પર્યાપ્ત છે. આ બધું જ ક્રેડીટ પર મેળવવા મારે બૅન્કના કાર્ડની ક્યારેય જરુર પડી નહોતી. અલબત્ત, એ વખતે જો બૅન્કનું ક્રેડીટ કાર્ડ મને મળ્યું હોત તો મારી પાસે કદાચ ફ્લૅટને બદલે આજે બંગલો હોત ને સ્કુટરને બદલે ગાડી હોત ! જો કે, મને આવું કાર્ડ આપનાર બૅન્ક, આ જ કારણે, કદાચ આજે ન પણ હોત ! હવે જ્યારે નાણાંકીય વ્યવહારોમાંથી નીવૃત્ત થઈ ગયો છું ત્યારે બૅન્ક મને ક્રેડીટ કાર્ડ આપી રહી છે અને તે પણ તદ્દન મફત ! કવીએ નસીબ માટે કહ્યું છે - ‘ન માગે દોડતું આવે, રહે એ દુર માગે તો !’ - એ કેટલું સાચું છે !

◆◆◆

બીજે દીવસે બૅન્કના ઑફીસર આવ્યા. કાર્ડ માટે મેં સંમતી આપી તે બદલ એમણે મારો આભાર માન્યો. પછી મારા વીશેની વીગતો ફૉર્મમાં લખવા મને પ્રશ્નો પુછ્યા. મેં ઉત્તરો આપ્યા. થોડાં ઉદાહરણો :

‘અત્યારે તમારી આવક કેટલી ?’

‘નીશ્ચીત કહી શકાય એવી કશી આવક નથી. વ્યાજની થોડી આવક છે; પણ સરકાર વ્યાજ ઘટાડી-ઘટાડીને એ વધુ થોડી બનાવી રહી છે. લેખક છું. લેખકોને ખુબ પુરસ્કાર આપવો જોઈએ એમ માનું છું; પણ મળવો જોઈએ એટલો પુરસ્કાર મળતો નથી.’

‘પેન્શન ?’

'હું જે નોકરી કરતો હતો, એમાં કામનું ટેન્શન ઘણું હતું; પણ એ નોકરી પેન્શનવાળી નહોતી.'

'ફોર વ્હીલર છે ?'

'ના. કારની લોન મળતી હતી; પણ પેટ્રોલ રોકડેથી લેવું પડે તેમ હતું, એટલે કાર લેવાનો વીચાર માંડી વાળેલો.'

'ટુ વ્હીલર છે ?'

'ઑફીસની લોન પર સ્કુટર લીધેલું. ઘણાં વરસ વાપર્યું; પણ જુનું થઈ ગયું એટલે કાઢી નાખ્યું. અત્યારે કાઈનેટીક ફેરવું છું-પણ એ મારી પુત્રવધુની માલીકીનું છે. એની મંજુરી મળે ત્યારે ફેરવું છું.'

આ માણસ લોન લેશે અથવા ક્રેડીટ કાર્ડ પર કોઈ ફાઈવ સ્ટાર હોટલમાં નીવાસ કરશે તો બૅન્કની શી હાલત થશે એવી ચીંતા બૅન્કના આ અધીકારીને થઈ હોય એવું મારા જવાબો પછી વીલા પડી ગયેલા એમના ચહેરા પરથી મને લાગ્યું. આમ છતાં; કાર્ડ માટે હું પાત્ર હતો(ભલે, 'સુપાત્ર' ન હોઉં) એટલે એ કશું બોલ્યા નહીં. મારા વીશેની વીગતોવાળા ફૉર્મમાં મારી સહી કરાવી અને પછી 'થેન્ક યુ' કહી વીદાય થયા.

◆◆◆

બૅન્કનું ક્રેડીટ કાર્ડ મળ્યા પછી મેં છાપામાં વાંચ્યું કે, ક્રેડીટ કાર્ડનો નંબર કોઈ જાણી જાય તો એનો દુરુપયોગ થવા સંભવ છે. આ વાંચી હું ગભરાયો. આમ તો કાર્ડનો ઉપયોગ હું કરવાનો જ નહોતો; છતાં કાર્ડ આડું-અવળું મુકાઈ જાય, ભુલથી પસ્તીમાં જતું રહે, આવી આવી શક્યતાઓના વીચારો આવવા લાગ્યા. ચીંતાએ ધીમે ધીમે ઘેરું સ્વરુપ પકડ્યું. એવા વીચારો પણ આવવા માંડયા કે ચીંતાને કારણે બ્લડ પ્રેશર વધશે અને બ્લડ પ્રેશર વધશે તો કાં તો હાર્ટઍટેક આવશે કાં તો પેરાલીસીસ થઈ જશે... આવા વીચારો પછી મને લાગ્યું કે, આવા વીચારો જોર પકડશે તો હાર્ટઍટેક કે પેરાલીસીસ નહીં થાય તોય હું ગાંડો તો જરુર થઈ જઈશ. એના કરતાં કાર્ડ બીલકુલ સલામત રહે એવો ઉપાય શોધવામાં જ ડહાપણ છે, એમ મને લાગ્યું. મેં બૅન્કના મૅનેજર(કાર્ડ આપનાર સીવાયની બૅન્કના) એવા મારા એક મીત્રને એમની બૅન્કમાં વરસ માટે લૉકર ભાડે આપવા વીનંતી કરી. મૅનેજર મીત્રને ભારે નવાઈ લાગી. લૉકરમાં મુકવા માટે મારી પાસે એવું કશું છે નહીં એ મીત્ર જાણતા હતા; પણ મૅનેજર તરીકે ક્લાયન્ટને લૉકરમાં શું મુકવું છે એમ પુછાય નહીં, એટલે એમણે મને કશું પુછ્યું નહીં અને મને લૉકરની સુવીધા કરી આપી.

◆◆◆

મારું ક્રેડીટ કાર્ડ હવે લૉકરમાં સલામત છે. ક્રેડીટ કાર્ડ મફતમાં મળ્યું છે; પણ એને સલામત રાખવા માટે હું હાલ લૉકરનું ભાડું ભરી રહ્યો છું.

-રતીલાલ બોરીસાગર

સંપર્ક : એફ/૬૭, રતીલાલ પાર્ક, દર્પણ પાંચ રસ્તા, એસ.આર. માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
ફોન : ૦૭૯- ૨૭૬૮ ૦૨૬૪ મોબાઈલ : ૯૮૨૫૧ ૧૧૩૦૧

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 152 – –May 4, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com



## લેખક પરીચય

૩૧મી ઑગસ્ટ ૧૯૩૮માં સાવરકુંડલામાં જન્મેલા **શ્રી રતીલાલ બોરીસાગરે** ગુજરાતી સાથે એમ.એ.; બી.એડ્. કરી, શીક્ષક તરીકે પ્રાથમીક, માધ્યમીક અને કોલેજ કક્ષાએ સફળ ભાષાશીક્ષક તરીકે કામ કરતા રહી, 'ગુજરાતી ભાષામાં સાહીત્યીક સંપાદન' વીષય સાથે પીએચ.ડી. પણ કર્યું. પોતાની જાતને શીક્ષક તરીકે જ ઓળખાવનાર આ આજન્મ શીક્ષકે પોતાના નામની આગળ કદી 'ડૉ.' લખ્યું નથી. ૧૯૭૪માં તેઓ 'ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ'માં જોડાયા અને ૧૯૯૮માં તેના ડૅપ્યુટી ડાયરેક્ટરના હોદ્દા પરથી નીવૃત્ત થયા. ગુજરાતી ભાષાનાં આજનાં પાઠ્યપુસ્તકોની ગુણવત્તા એમની ભાષાભક્તી, દૃષ્ટી અને લગનને આભારી છે. ત્યાર બાદ સાત વરસ સુધી તો એમણે 'અખંડ આનંદ' માસીકના સહતંત્રી તરીકે સેવા આપી.

આ બધું છતાં, આજે ગુજરાતી વાચકોમાં એમની આગવી ઓળખ બંધાઈ છે તે તો હાસ્ય-લેખક તરીકેની. લેખને મથાળે 'બોરીસાગર' શબ્દ વાંચતાં જ મુખ પર મલકાટ પથરાવા માંડે એવો જાદુ આ નામ સાથે બંધાયો છે. અખબારો-સામયીકોમાં પ્રકાશીત થતા એમના લેખોનો એક બહુ મોટો વાચક અને ચાહક વર્ગ છે. **'મરક મરક'**, **'આનંદલોક'**, **'સંભવામી યુગેયુગે'**, **'એન્જોયગ્રાફી'**, **'તીરથ કરતાં ત્રેસઠ થયાં'**, **'જ્ઞ થી ક સુધી'** અને **'ભજ આનન્દમ્'** જેવાં એમનાં વીશીષ્ઠ અને ઈનામ વીજેતા હાસ્ય-પુસ્તકોએ ગુજરાતને હસતું રાખ્યું છે.

બીજી એમની એક મોટી સેવા તો સંપાદનક્ષેત્રે છે. ઘણી દુર્લભ અને વેરવીખેર પડેલી જુના-નવા હાસ્ય લેખકોની રચનાઓને એમણે એમની વીશીષ્ઠ દૃષ્ટીથી એકલે હાથે તો કદીક સહસંપાદકોને સથવારે સંપાદીત કરી ગુજરાતી વાચકોને સુલભ કરી આપી છે. દુરદર્શન અને આકાશવાણી પરથી પણ એમણે વાર્તાલાપો દ્વારા ગુજરાતી શ્રોતાઓને હસાવ્યા છે.

ગુજરાતી સાહીત્ય પરીષદ અને અકાદમી તથા કંઈ કેટલીય સાહીત્યીક સંસ્થાઓ દ્વારા એમની કૃતીઓને પ્રથમ ઈનામો, પારીતોષીકો અને ગોલ્ડ મેડલો પ્રાપ્ત થયાં છે. એમણે 'હાસ્યકાર' તરીકે ગુજરાતી ભાષાની કરેલી સેવા, જે યાદગાર રીતે ગુજરાતે બીરદાવી છે તેવી જ, તેમણે એક

શીક્ષક તરીકે ગુજરાતી ભાષાની કરેલી સેવાની કદર પણ ૨૦૦૨માં ‘ચન્દ્રકાંત અંજારીયા મેમોરીયલ ટ્રસ્ટ, ભુજે’ એમને **‘શીક્ષણ એવોર્ડ’** અર્પીને કરી છે.

આવા આ **‘શીક્ષક’** અને **‘હાસ્યલેખક’** શ્રી રતીલાલ બોરીસાગર આજે, સાહીત્યક્ષેત્રની આપણી ટોચની સંસ્થા **‘ગુજરાતી સાહીત્ય પરીષદ’**ના **મંત્રી** તરીકે સેવા આપે છે.

-જુગલકીશોર (અમદાવાદ) અને ઉત્તમ ગજ્જર (સુરત)

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : 152 – –May 4, 2008
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં **અક્ષરાંકન :** ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

♦♦♦♦♦♦♦♦♦♦♦♦♦♦♦

## ખુશખબર



શ્રી રતિલાલ ચંદરયાને મંચ પર દોરી જતા શ્રી નરેન્દ્ર મોદી




દિલ્હીના ગુજરાતી સમાજ વતી, હાર પહેરાવી
શ્રી રતિલાલ ચંદરયાનું બહુમાન કરતા શ્રી નરેન્દ્ર મોદી

‘શ્રી દિલ્હી ગુજરાતી સમાજે’, પોતાની ૧૧૧મી જયંતીની ઉજવણી નિમિત્તે, તા. ૧૯ અપ્રિલ ૨૦૦૮ના દિને ગુજરાતના બે દૃઢનિશ્ચયી મહાનુભાવો – ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું, તેમણે ગુજરાતમાં પ્રાપ્ત

કરેલી અભૂતપૂર્વ સિદ્ધિ માટે તથા શ્રી રતિલાલ ચંદરયાનું તેમણે આગવી સૂઝ અને દુર્દર્શિતાથી નિર્મેલ "ગુજરાતીલૅક્સિકૉન" માટે – તેમને નવાજવા, એક અપૂર્વ ઉષ્માસભર વાતાવરણમાં દિલ્હીમાં જાહેર સન્માન કર્યું હતું.

શ્રી નરેન્દ્ર મોદીએ શ્રી રતિલાલ ચંદરયાનું ફૂલહાર વડે બહુમાન કર્યું તે વેળા ત્યાં હાજર ૮૦૦થીય વધારે ભાવકોએ પણ તેમનું અભિવાદન કર્યું હતું.

શ્રી રતિલાલ ચંદરયાની ઓળખ તથા ગુજરાતીલૅક્સિકૉન અંગે જે કહેવાયું તે સઘળું http://www.gujaratilexicon.com ની વેબ સાઈટ ઉપર પણ જોવા મળી શકે છે.

♦●♦●♦●♦●♦

..બીજા એક બહુ જ ખુશીના સમાચાર..

જેની કાગડોળે રાહ જોવાતી હતી તે ગુજરાતી લિપીના એક સામટા અનેક વિવિધ પ્રકારના વળાંકોવાળા ૬૦(સાંઠ) જેટલા યુનિકોડ ફોન્ટ્સ, દેવનાગરીના તેવા જ એક સો દસ ફોન્ટ્સ અને અન્ય ભારતીય ભાષાઓના મળી, ઢગલાબંધ ફોન્ટ્સ તથા તે લખવા માટેનાં વિવિધ ઉપકરણો વગેરે સામગ્રીઓથી સમૃદ્ધ એક સીડી, સૌને વિનામૂલ્યે વહેંચવા માટે ગુજરાતના 'સ્થાપના દિન' ૧લી મેના દિવસે અમદાવાદમાં લોકાર્પિત થઈ રહી છે. તેની અધિકૃત માહિતી અને વિગત નીચે મુજબ છે..

♦●♦●♦●♦●♦

As a landmark in the series of release of Software Tools and Fonts in various Indian languages that are contemplated, the Department of Information Technology (DIT), will make available free tools and fonts to the public distribution upon registration on the designated website.

Keeping in view the far reaching initiative of the DIT and also to bring about Language Computing technology revolution in the country, Padmashri Dr. Kumarpal Desai, Former President, Gujarati Sahitya Parishad of Gujarat will launch release of Free CD containing rich collection of Gujarati Software Tools and Fonts to the public on Thursday, in Gujarat in the presence of Shri E. K. Bharat Bhushan, Joint Secretary and Financial advisor, GC Language Computing Group, Department of Information Technology, Government of India and other dignitaries.

Padmashri Dr. Kumarpal Desai, will also launch the website which would provide free distribution on-line, upon registration by the net surfer at the designated website.

Further details can be procured from:

**Mahesh D. Kulkarni**
Programme Coordinator - GIST
Centre for Development of Advanced Computing
Pune University Campus, Ganeshkhind, Pune 411007

Email: mdk@cdac.in Direct : 91-20-2569 4092
Board : 91-20-2570 4100 Fax : 91-20-2569 4013

## ● મધુરેણ સમાપયેત્ ●




સાહેબ, છુટ્ટા ના હોય તો કશો વાંધો નહીં...,
હવે તો અમે ક્રેડીટ કાર્ડઝ પણ લઈએ છીએ !

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની વેબસાઈટ
http://www.ameamericanamdavadi.com/

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : 152 – –May 4, 2008
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

♦♦♦♦♦♦♦♦♦